# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

ગીતમાં આ રવ ઉમેરો.
પ્રીતમાં પાલવ ઉમેરો.

તો જ વૃંદાવન રચાશે.
મોરલી માધવ ઉમેરો.

આ ગઝલ છે,વાર્તા નહિં.
શક્યતઃ લાઘવ ઉમેરો.

રણકશે પાષાણ શિલા.
સ્પર્શમાં રાઘવ ઉમેરો.

- ડો.રમેશ ભટ્ટ' રશ્મિ'

## પાથેય

- રમેશ ઠક્કર

# ઉમેરણનો આનંદ...

કોઈ ચીજમાં શું ઉમેરણ કરવું કે, રૂટીન કોઈ વાતમાં પોતાના તરફથી કશુંક નવું પ્રદાન કરવું બધાના માટે આસાન નથી હોતું..આપણે મોટાભાગે જે મળે છે એમાં જ જીવી લેવાના ખ્યાલ સાથે આગળ વધતા રહીએ છીએ..એને સંતોષ નામના આદર્શથી નવાજતા રહીએ છીએ..પરિતૃપ્તી એક તબક્કે હોઈ શકે. આપણી અંદર અપાર શક્તિઓનો એક ભંડાર પડેલો છે.જગતમાં બનતી કોઈપણ ઘટના કે સંજોગ સામે નવું કરવાનો એ સ્રોત છે..જિંદગી એટલે પૂર્ણવિરામ નહીં..એ એક અલ્પવિરામ હોય છે.. આ વિશાળ બ્રહ્માંડમાં આપણું અસ્તિત્વ જ અલ્પ હોય ત્યારે કોઈપણ ઘટનાને પૂર્ણ માની લેવી અધુરપ ગણાય..કોઈ પ્રચલિત ગીત હોય એના સરસ શબ્દો હોય એનો લય પણ હોય પરંતુ એને કોઈ મધુર તરજનો રવ એટલે કે અવાજ મળી જાય તો એ દીપી ઉઠે છે..પ્રીત એક અજાયબ ઉપહાર છે..એમાં મનગમતા ભાવોનો પાલવ ઉમેરીએ તો એ અંગત ભાવ ના રહેતાં સમષ્ટિનો આનંદ બની જાય છે..કૃષ્ણ અને રાધા એનું ઉત્તમ ઉદાહરણ છે..એવી પ્રીત એ કોઈ યુગલનો અંગત ઉપહાર બનીને નથી રહેતો..યુગનો ઉલ્લાસ બની જાય છે.

સામાન્ય નગર અને વૃંદાવન વચ્ચે ફરક એ છે કે એમની પાસે મોરલી અને માધવ છે..ગામ હોય શેરીઓ હોય અને માણસોની વણઝાર હોય એટલે ધબકતું વનરાવન ના બની જાય..આપણે ત્યાં સંપૂર્ણ ગામ એટલે ગોકિળિયું ગામ..ગોકુળ એટલે ફક્ત લીલાંછમ ખેતરો વનરાજી કે સંપત્તિની છોળ હોય એટલું જ નહીં..વૃંદાવનની કુંજગલીમાં કાન જેવો કલરવ હોય..મોરલીનો મધઝરતો સૂર હોય ત્યારે જ એ પૂર્ણ ગામ કે નગર બને છે..મોરલી કે માધવને ઉમેરવાં એટલે આનંદ અને ઉલ્લાસને ઉમેરવાં..જો બધું જ હોય પણ કર્ણપ્રિય જીવનસંગીત ના હોય તો બધું શુષ્ક બની જાય છે.

આપણે જે મળે એમાંથી કશુંક પામવાની કે લઈ લેવાના ખ્યાલ સાથે જીવીએ છીએ.જે કોઈ શાશ્વત સુખ કે શાંતિ છે એમાં આપીને પામવાનું રહસ્ય છુપાયેલું છે..આપણે જે કંઇ મેળવીએ છીએ એ આપણા જ વ્યવહારની રસીદ જેવું હોય છે..આપણે જો આંબાનો ઉછેર કરીએ તો આમ્રફળનો પુરસ્કાર પામીએ છીએ..જો આડેધડ બાવળ ઉગાડતા રહીએ તો કાંટાઓ પામીએ છીએ..જીવવું એટલે જ આમ જોઈએ તો ઉમેરણ...ઉપરછલ્લી રીતે અટપટી લાગતી આ વાત આપણાં ધર્મશાસ્ત્રોમાં પણ કહેવાય છે..ત્યાગીને ભોગવી જાણો કે બીજાના સુખમાં જ આપણું સુખ સમાયેલું છે એવી ઉદાર ભાવના હકિકતમાં સાચું જીવન બની જાય છે. આપણી જીવનકથામાં અવનવા પ્રસંગો હોઈ શકે..એને તમે વિસ્તારથી આલેખી શકો..આવી મોકળાશ કવિતા કે ગઝલમાં નથી મળતી..એમાં લાઘવ કે ચુસ્ત શબ્દચયન મહત્વનું ગણાય છે..લય કે લાઘવને ઉમેરવાથી એ અસરકારક બની જાય છે..ગીત એ ગાવાનો વૈભવ છે..જીવન પોતે જ મધુર ગીત કે સંગીત છે એને જો સૂર કે લયમાં એક લાઘવ સાથે માણીએ તો જ એનો આનંદ લઈ શકાય.જો એમાં બિનજરૂરી પ્રસ્તાર કરીએ તો એ બેસૂંરૂ કે કર્કશ બની જાય છે.કવિઓ આ જોઈ શકે છે..પથ્થરને આપણે નિર્જીવ કે જડ માનીએ છીએ..જો એને માધવનો સ્પર્શ થાય તો પથ્થરો પણ ગાતાં ઝરણાં બની જાય છે ! માધવ એટલે ઊર્મિઓ.ભીતરનો અનહદ આનંદ..એ જયારે પ્રગટે છે ત્યારે સૃષ્ટિમાં સજીવ અને નિર્જીવના ભેદ લુપ્ત બની જાય છે..આખું જગત જાણે મોરલીનો સાદ બની જાય છે..


# ઋષિની હાર રાષ્ટ્રવાદના વિજયની સૂચક છે

**તંત્રીસ્થાનેથી...**

બોરીસ જોનસનની કેબિનેટમાં સૌથી સક્ષમ, કાર્યદક્ષ અને સાંસદોમાં અત્યંત લોકપ્રિય નાણામંત્રી ઋષિ શૌનકને અંતિમ તબક્કામાં બ્રિટિશ મહિલા સામે બ્રિટનની કન્ઝર્વેટિવ પાર્ટીના સભ્યોએ વડાપ્રધાન પદની રેસમાંથી બહાર ફેંકી દીધા છે. લીઝ ટ્રુસની સરખામણીએ તમામ સંદર્ભે ચડિયાતા હોવા છતાં અને પ્રારંભિક તબક્કો સડસડાટ આગળ રહેલા ભારતીય મૂળના બ્રિટિશ નાગરિકને વડાપ્રધાન પદ મળતાં મળતાં રહી ગયું. કહો કે છેક હોઠે આવેલો પ્યાલો ઢોળાઈ ગયો. જે દેશ પર બ્રિટનનું દોઢસો-બસો વર્ષ લગી રાજ રહ્યું હોય એના માણસને રાષ્ટ્રનું સુકાન સોંપાય ખરું ? કન્ઝર્વેટિવ પાર્ટી એના નામ મુજબ સાચી કન્ઝર્વેટિવ - જુનવાણી રાષ્ટ્રવાદી વિચારસરણી ધરાવતી પાર્ટી સાબિત થઈ છે. ઋષિ બહુ 'ચગ્યા' હતા. એમણે પોતાના અર્થશાસ્ત્રના જ્ઞાનનો ગ્રેટ બ્રિટનને ઘણો 'લાભ' અપાવ્યો. એથી મોંઘવારી વધી. જોનસન સામે બળવો થયો અને એનું નેતૃત્વ આ ભારતીય મૂળના નાણામંત્રીએ સંભાળ્યું. જોનસને એનું વેર વાળવા પ્રજાને અપીલ કરી કે આ માણસ સિવાય બીજા કોઈ પણ ઉમેદવારને પસંદ કરજો. છેલ્લે જ્યારે દડો પાર્ટીના સભ્યોની કોર્ટમાં ગયો ત્યારે ઋષિ સામે મોડાં મોડાં મેદાનમાં ઊતરેલાં લીઝ ટ્રુસ જ મેદાનમાં હતા. સભ્યોએ મહિલા અંગ્રેજને પસંદ કરી. કાળા ભારતીયને એની હેસિયત બતાવી દીધી. એ માટે એની પાસે વાજબી તર્ક પણ હતો. ઋષિની સંપત્તિ લોકોની નજરે ચડી હતી. પ્રજા પર ટેક્સ નાખનાર નાણામંત્રીની પત્ની અબજોપતિની દીકરી છે. ઈન્ફોસિસના સ્થાપક ચેરમેનની પુત્રીએ બ્રિટનમાં ટેક્સ ન ભરવો પડે એ કારણસર ત્યાંની નાગરિકતા જ નથી સ્વીકારી !

પ્રજા હરહંમેશ પારકા અને પોતીકા વચ્ચે ભેદ કરતી હોય છે. ઋષિનો હિંદુ ધર્મ પણ જરૂર આડો આવ્યો જ હોય. ભલે એની જાહેર ચર્ચા ન થઈ હોય. રાજકારણીઓ આવા મુદ્દે ઘણા દંભી હોય છે. ભારતીય જનતા પાર્ટી હિંદુઓના મતો પર રાજ કરે છે પણ વાતો સર્વધર્મ સમભાવની જ કરતી રહેશે. મૂળ ઈટાલનાં સોનિયા વડાપ્રધાન થવા નહોતા માંગતા એવું કહેવું તે નર્યો દંભ છે. સુષમા સ્વરાજ સહિત અનેક ભારતીય મૂળની મહિલાઓએ એમને એમના વિદેશી મૂળની યાદ અપાવી હતી. કોઈ પણ સંજોગે આ જુનવાણી - પરંપરાગત - હિંદુ બહુમતી પોતાનો સર્વોચ્ચ પદે નહીં સ્વીકારે એની પ્રતીતિ સોનિયાને સુપેરે થઈ ગઈ હતી અને એ મુદ્દે તત્કાલીન રાષ્ટ્રપતિ કે જેઓ ધર્મ ઈસ્લામપંથી હતા એમને પણ એવી મહત્વાકાંક્ષા છોડી બીજા કોઈ નેતાને વડાપ્રધાન પદે નીમવાની ખાનગી સલાહ આપી હોવાનું કહેવાય છે. રાહુલને પણ એમની માતાનું ગોત્ર જ સવિશેષ નડી રહ્યું છે એવું નથી લાગતું ? ભારતમાં જ 'રાષ્ટ્રવાદ' છે એવું નથી, એની પ્રતીતિ ઈંગ્લેન્ડના વડાપ્રધાન પદે ભારતીય ગોત્રના બધી રીતે લાયક માણસને તક કે સ્વીકૃતિ ન અપાઈ એ ઘટનાથી થાય છે. ઋષિની હાર એ વિશ્વવ્યાપી 'રાષ્ટ્રવાદ' અને ધર્મપરસ્તીની જીત છે. ઋષિની જગ્યાએ મોદી હોત અને એમની આર્થિક સંપત્તિ મુદ્દે કશી આપત્તિ ન હોય તો પણ લીઝની જ જીત થઈ હોય. લોકશાહી ખરી; એની ના નહીં. બ્રિટિશ લોકશાહી એ નમૂનેદાર લોકશાહી છે. પરંતુ 'લોક' તો આખરે લોક જ રહે છે, એ ભારતનો હિંદુ હોય, ઈસ્લામિક રાષ્ટ્રનો મુસ્લિમ હોય, ચીનનો સામ્યવાદી હોય કે અમેરિકા-ઈંગ્લેન્ડનો આધુનિક માનવી.

# કૌન બનેગા કરોડપતિ અમિતાભની અદાયગીનો કમાલ




અમિતાભ બચ્ચન સંચાલિત 'કૌન બનેલા કરોડપતિ' ફરી એકવાર શરૂ થયું અને લોકપ્રિય કાર્યક્રમોમાં હમણાં તો એ ટોચ પર છે. એ ટોચ પર રહે એ માટેનાં ઘણા કારણો છે એક તો આ ગેમ શો. ક્વીઝ જેવો સેમ શો છે. પ્રશ્ન પૂછવામાં આવે અને એનો જવાબ જેમ જેમ સાચો મળતો જાય તેમ તેમ રૂપિયા જમા થતા જાય. આ વખતના 'કૌન બનેલા કરોડપતિ'માં જેકપોટ પ્રશ્ન પણ છે. એક કરોડ રૂપિયા જીતી ગયા બાદ આ જેકપોટ પ્રશ્ન આવે છે. જો એ પ્રશ્નનો જવાબ આવડી જાય તો સાત કરોડ રૂપિયા સ્પર્ધક જીતી શકે છે.

'કૌન બનેલા કરોડપતિ' ના દરેક એપિસોડનું જે રીતે આયોજન થતું હોય છે એને કારણે એ રસપ્રદ થતી રહે છે. દરેક સીઝનમાં એમાં થોડા થોડા ફેરફાર કરીને એને રસપ્રદ બનાવવામાં આવે છે. અમિતાભ બચ્ચન સંચાલન કરતા હોવાથી એ જે રીતે સ્પર્ધકો સાથે વલણ અપનાવે છે. એ પણ કબિલેદાદ છે. જે સ્પર્ધક અમિતાભની સાથે હોટ સીટ પર બિરાજમાન થાય છે એ અમિતાભના દર્શન થવા માત્રથી પોતાને ધન્ય માને છે. અમિતાભને જોવાથી અભિભૂત થઈ જવાય અને સ્વાભાવિક છે. અમિતાભનો અભિગમ પણ માનવીય હોય છે. સામે આવનાર શિક્ષક હોય, ડોકટર હોય, સામાન્ય ગૃહિણી હોય કે પછી અન્ય વ્યવસાય કર્તા હોય દરેક સાથે સાલસ અને માનવીય અભિગમને કારણે 'કૌન બનેલા કરોડપતિ' રસપ્રદ અને નિર્દોશ મનોરંજન પૂરું પાડે છે. એમાં અમિતાભની સદાયગીનો બહુ મોટો ફાળો છે અને બીજો ફાળો સ્ક્રીપ્ટ લેખનનો છે.

'કૌન બનેલા કરોડપતિ' રિયાલિટી શો છે પણ આપણે જાણીએ છીએ એમ 'રિયાલિટી શો'ની પણ સ્ક્રીપ્ટ નક્કી હોય છે અને ભાગ લેનારે એ પ્રમાણે જ વર્તન કરવું પડતું હોય છે, સ્વયંસ્ફૂર્તિ એમાં કશું જ હોતું નથી. શું અમિતાભ બચ્ચન જેવો અભિનેતા કાર્યક્રમનું સંચાલન કરતો હોય તો એના પક્ષે કદાચ કશુંક સ્વયં સ્ફૂર્તિ હોય શકે પણ સ્પર્ધકો માટે એવો અવકાશ બહુ ઓછો હોય છે.



**મન-રંજન**
દ્વનિલ પારેખ

'કૌન બનેગા કરોડપતિ' ની એક સીઝનનું સંચાલન શાહરૂખખાને પણ કર્યું હતું. પણ એને એટલી સફળથા મળી નહોતી. આ કાર્યક્રમની એક વિશેષતા એ પણ છે કે સામાજિક ઉત્થાનના ક્ષેત્રે જેમણે નોંધફાત્ર કાર્ય કર્યું હોય એવો લોકોને ખાસ આમંત્રણ આપીને બોલાવવામાં આવે છે, એમની પ્રવૃત્તિઓનો પરિચય કરાવવામાં આવે છે. એ રીતે પણ દર્શકોની જાણકારીમાં વૃદ્ધિ કરવામાં આવે છે. 'કૌન બનેલા કરોડપતિ' અત્યારે તો નિર્દોશ મનોરંજન અને માહિતી આપતો એક માત્ર કાર્યક્રમ છે, જે કુટુંબ સાથે બેસીન માણી શકાય.

# "હોય પડકાર સામે ઘણાં, અને અરમાનો નો કાફલો હોય શીખે દરિયો ઉચેલતા, ને દરીયો તરીને જાય એમ પણ બને"

ઈન્ટરનેટથી શિક્ષણ એ સમયનો બદલાવ છે.

આપણે જાણીએ છીએ કે પરીવર્તન સંસારનો નિયમ છે.

એક જમાનો હતો જ્યારે ગુરુકુળ અથવા વિદ્યાપીઠોમાં ગુરુ-શિષ્ય પરંપરા અનુસાર શિક્ષણ પ્રાપ્ત થતું.

સમયના બદલાવ સાથે રીત બદલાતી ગઈ, અને વિકાસ ની પરિભાષા પણ.

"મૂકી બધાયે ભેદ ,બાળક નિજ ગણે છે,એ જાત નોખી જેને જગ શિક્ષક કહે છે"

સરહદ ઉપર સૈનિક વતન માટે લડે છે,શિક્ષક વતન માટે સદા બાળક ઘડે છે "જિજ્ઞેશકુમાર ડી.ત્રિવેદી 'પ્રકાશ'.

વિશ્વ બદલાઈ રહ્યું છે અને ઘણું બધુ બદલાઈ ચૂક્યું છે.

શોધોના ઉપયોગ કરતાં દુરુપયોગ અને ફાયદા કરતાં ગેરફાયદા ઝડપથી ફેલાય છે અને ત્યાં એ વધુ તીવ્રતાથી અસરમાં આવે છે. આમ જોવા જઈએ તો અઢળક અને અપાર સાહિત્ય, ઈતિહાસ , સાયન્સ અને નવીન ટેક્નોલોજીથી શિક્ષણ માત્ર ઈન્ટરનેટથી જ શક્ય છે. ગમે ત્યારે જે જણકારી જોઈએ તે મુજબનું નિષ્ણાતનું ગ્યાન માત્ર ઈન્ટરનેટથી મેળવી શકાય છે. પરંતુ આ ઓનલાઈન શિક્ષણ કેટલી હદે સફળ પુરવાર થઈ શકશે?

આજના વિશ્વમાં ઓન લાઈન શિક્ષણ અથવા કહો કે ઈન્ટરનેટથી શિક્ષણ ખૂબ વ્યાપક છે. આપણે પણ તેને અપનાવવું પડશે ? આ ચિંતાનો વિષય છે. વાલી, બાળક, શિક્ષક, સમાજ અને દેશ માટે. ખરી મજા દફતર લઈ જવાની હતી સ્કૂલે પરંતુ થોથા ઉંચકતા બાળકો જોઈ કયારેક રોષ આવતો. કોરોના કાળમાં કુદરતે પલ્લું સરખું કર્યું? પણ શું ઓનલાઈન અભ્યાસ યોગ્ય છે? આજે પણ ઘણાં બધાં અભ્યાસ ક્રમ ઓનલાઈન અવેઈલેબલ છે. અને વિદ્યાર્થીઓ ભણી રહ્યાં છે.

શિક્ષણ માનવને આત્મવિશ્વાસુ અને નિસ્વાર્થી બનાવે છે.

- ઋગ્વેદ

પરંતુ આ કોમ્પિટિશન વાળા અત્યારના ઓનલાઈન 'શિક્ષણયુગ'માં આ વાત સાર્થક થતી નથી. 'શિક્ષા'એટલે કે શિક્ષણ જ... શિક્ષાનો અર્થ 'દંડ' એવો થાય છે. તો શું શિક્ષણ એટલે દંડ આપવો, કદાચ આ કોરોના કાળ ખરેખર દંડ આપી ગયો હશે બાળકો અને શિક્ષકોને.

લગભગ આખા શિક્ષણ જગતને. એકપણ રજા નહીં પાડવાની, અને મોબાઈલ મૂકી દે સાઈડમાં આ આખુ વાક્ય જાણે ઊંધુ સાબિત થઈ ગયું જગ આખામાં. એક નાનકડો ડિવાઈસ માધ્યમ બન્યું શિક્ષણનું.

સાચે જ કુદરત ધારે તે કરી શકે છે. કદાચ કુદરતે કંઈક અલગ જ વિચાર્યુ જ હશે. નક્કી કુદરત કંઈક ને કંઈક બોધપાઠ આપવા જ અણધાર્યુ કરતી હશે. આપણને સૌને બોધપાઠ મળી જ ગયો છે.

શિક્ષણનો ઉદેશ ક્યારેય કોઈને દંડ આપવાનો નથી હોતો. પણ ફરજિયાતપણે માણસોને સામાજીક શિષ્ટાચાર અને યોગ્ય વ્યવહાર તરફ વાળવાનો જ હોય છે. જો ખરેખર અત્યારના શિક્ષણથી માણસે યોગ્ય દિશામાં પ્રગતિ કરી હોત તો માણસ પોતે પોતાને ઈશ્વર બની કૃત્રિમ વાયસર પેદા ના કરત. હશે બુદ્ધિ ભ્રષ્ટ થાય ત્યારે જ સર્વનાશ થાય. અને સાચું ખોટું સામે આવે. ખરેખર હવે શિક્ષણ જગતમાં એ સાચું માર્ગદર્શન આપવું જોઈએ કે જીવન આખરે શું છે? સાચી સફળતા એટલે શું? અને સફળતા મળ્યાં પછી એને પચાવવી કઈ રીતે. મને હંમેશા એક ખયાલ આવે છે કે માણસ જો સાચું શિક્ષણ મેળવી શક્યો હોત તો વિદ્યાર્થી આત્મહત્યા કેમ કરે? એક શિક્ષકે એ જ્ઞાન આપવું પડે કે અમૂક વિષય માં ટપ્પી ના પડે તો એ વિદ્યાર્થી ડોબો નથી હોતો. દરેકને વિજ્ઞાન કે ગણિત આવડે જરુરી નથી. પણ ના આવડે પછી શું? કેમ શીખવું કેમ યાદ રાખવું એની ટેકનિક શીખવવી જોઈએ.

જીવન શા માટે છે? શિક્ષણ શા માટે છે?માત્ર સારું સારું મેળવવા , પૈસાવાળા બનવા માટે. કુદરત પાસેથી એ પાઠ ભણવો જોઈએ. બેલેન્સ નો. કુદરતે બધું બેલેન્સ રાખ્યુ છે. જો બધાં જ અવ્વલ નંબરે આવે તો શિક્ષકે જાતે રિશેશ નો બેલ મારવો પડત. પટાવાળા , ડ્રાઈવર, કે મજૂરી કરતાં બધાં જ બોસ હોત તો? જો અત્યાર સુધીમાં માણસ કંઈક શીખી શક્યો હોય તો એ આધોગતિ તરફ પ્રયાણ કરે ખરો? બોર્ડ સુધી પહોંચેલો વિદ્યાર્થી નાપાસ થવાના ડર કે નાપાસ થયા પછી આપઘાત કરવાનું વિચારી પણ ના શકે એવું ભણતર હોવું જોઈએ. શીખવું જ રહ્યું કે નાપાસ થવું , પણ નાસીપાસ ના થવું. પ્રાથમિક શિક્ષણમાં એ શું મેળવી શક્યો? જીવન શું છે? સાચું જ્ઞાન? ભણતર નું મહત્વ,



**એમ પણ બને !**
પારૂલ અમિત

શું મેળવ્યું એને? શું ખરેખર આને શિક્ષણ કહી શકાય? અહીંયા તો ટોપ પર આવનાર અભિમાની થઈ જાય છે, ઉચ્ચ હોદ્દેદારો મની માઈન્ડેડ બની જાય. શું સાચું શિક્ષણ હોદ્દાનો અહંકાર, જ્ઞાનનો અહંકાર, બુદ્ધિની તીવ્રતા અને ડીપ્રેશન એ આ પ્રકારના નબળા પાસા આપી શકે ખરા? " શિક્ષણ થી માત્ર એક માણસ જ નહીં આખે આખો સમાજનો વર્ગ શિક્ષિત થાય છે સંસ્કાર ઘર અને પરિવારમાથી મળતા હશે તો જરૂરી એવા સંસ્કારો નું સિંચન અને બુદ્ધિમતા શિક્ષણ દ્વારા જ વિકસે છે. શિક્ષણ નું સાચું મહત્વ માત્ર વગદાર નોકરી, એક સ્ટેટ્સ કે ઉચ્ચ હોદ્દો નહીં જ. અમુક પદ, પ્રતિષ્ઠા આવડત અને નસીબના જોરે મળી જતી હોય છે. પણ સાચું શિક્ષણ એટલે વિકાસ, પોતાનો, ગામ નો, શહેર નો, અને દેશનો. પણ અહીંયા તો વિદેશની ઘેલછા હોય છે. માણસ જો પોતે વિકસે તો એનો જેનો લાભ સમાજ ને વિવિધ ઉપયોગીતા મુજબ આપી શકે છે . એક કેળવણીકાર ઘણાને સાક્ષર બનાવી શકે છે. જેમ સાક્ષરતા વધે તેમ શિક્ષણ નું મહત્વ સમજાય અને તે સમાજ ઉપયોગી બની શકે છે. જીવન માં જો ડિસિપ્લિન, શિસ્ત ની કેળવણી થાય તેણે જ સાચા અર્થ માં શિક્ષણ મેળવ્યું કહેવાય. પરંતુ પ્રશ્ન એ થાય છે અત્યારની શિક્ષણ પધ્ધતિમાં 'અભ્યાસક્રમ ભણાવવાનો ?' શું વ્યક્તિને, વિદ્યાર્થીને 'જીવન જીવવાનો માર્ગ બતાવવા માટે માર્ગદર્શન મળે છે કે માત્ર ઉપર છલ્લુ, ગોખણીયુ જ શિક્ષણ. શિક્ષણ વ્યવસાયલક્ષી, વ્યવહારલક્ષી હોય છે. વ્યવહારિક શિક્ષણ માતા અને પિતા દ્વારા જન્મથી જ મળવાનું શરૂ થઈ જાય છે. પછી રોજ બરોજ ના આપણા કુટુંબમાંથી, ફ્રેન્ડ સર્કલ માંથી કે પુસ્તકોમાંથી મળતું હોય છે. ખરેખર તો જાત અનુભવમાંથી પણ આ શિક્ષણ મળતું હોય છે. વ્યવસાયલક્ષી શિક્ષણ એટલે વ્યવસાય ને લગતું, વ્યવસાયને આવરી લેતું. પણ અહીંયા તો માણસ પોતે જ એક વ્યવસાય બની ગયયો છે. જ્યાં જુવો ત્યાં રીતસર સ્પર્ધાઓ.

એક બીજા ને ઉતારી પાડવાં ટ્યુશન કોચિંગમાં એક એડમીશન સાથે નાના ભાઈ, બહેનની ફીસ અધડી, પ્રવાસ, એસાઈમેન્ટ, અને વિવિધ ગિફ્ટ જેવા પ્રલોભન થઈ ગયા છે. શું આજ શિક્ષણની દિશા છે. આપણે જે ભણીએ છીએ, એ નોકરી માં ક્યાંય લાગુ પડતું નથી. નોકરીમાં કામ કોઈ જુદા પ્રકારનું કરવાનું હોય છે. આમ જોવા જઈએ તો એરીસટોટલ ના મત મુજબ શિક્ષણ એ સ્વસ્થ શરીરમાં રહેલા સ્વસ્થ મનની એવી અવસ્થા છે જે મનુષ્યની કાર્યક્ષમતાને ઉજાગર કરે છે.

ખાસ કરીને તેના મસ્તિષ્કને કે જેથી તે પરમ સત્યને પામી શકે અને સત્યની સાત્વતા અને સુંદરતાને પામી પોતાનું જીવન સુખમય બનાવી શકે. પરંતુ આજનુ શિક્ષણ ભૌતિક સુખ જ આપે છે અને એ પણ ટેમ્પોરરી..

બધું જ લક્ષ્ય પામી લીધા પછી આપણે શાંતિ ક્યાંથી મળે એ માટે

અનુસંધાન પાના નં. ૭ પર


# "સાપ પકડવા એમ નહીં કેવાનું, પણ "સ્નેક રેસ્ક્યુ" કહીએ તો સામેવાળા ઈમ્પ્રેસ થાય"

શબ્દોનું મહત્ત્વ ઘણું હોય છે. શબ્દની તાકાત પણ કલ્પના ન કરી શકાય તેટલી હોય છે. વ્યક્તિ ક્યારે, કોના માટે, કયો શબ્દ ક્યા અંદાજમાં વાપરે છે તેના પરથી તેના વિવિધ અર્થ નક્કી થતાં હોય છે. બહુ ધ્યાનથી ભણતા છોકરાને 'ભણેશરી' કહીએ તો એ તેનું સન્માન થયું ગણાય, પરંતુ આ જ 'ભણેશરી' શબ્દ પરીક્ષામાં ત્રણ વાર નાપાસ થનાર માટે વાપરવામાં આવે ત્યારે તે શબ્દ શાબ્દિક પ્રહારનું પણ કામ કરી આપે છે. અમારા આ મિત્ર હંમેશા ફિલ્ડમાં કે ફિલ્ડ બહાર અંગ્રેજી શબ્દોનો ઉપયોગ કરીને બાજી મારી લેતાં! અમે આજથી ત્રીસ પાંત્રીસ વર્ષ પહેલા અમારી પ્રવૃત્તિને 'સાપ પકડવું' તરીકે ઓળખાતી ત્યારે તેમણે અમને શબ્દોનું માતમ સમજાવતા કહેલું કે "સાપ પકડવા એમ નહીં કેવાનું, પણ આપણે જો એમ બોલીએ કે "અમે સ્નેક રેસ્ક્યુ" કરીએ છીએ, તો સામાવાળા ઈમ્પ્રેસ થાય". પછી અમે પણ સ્નેક રેસ્ક્યુઅર બનેલા!

છેલ્લા દસ-પંદર વર્ષોથી સર્પ પ્રેમીઓમાં એક નવી ફેશન નીકળી છે. સર્પ પ્રેમીઓ જ્યારે અને જ્યાં પણ મળે ત્યારે એ સૌ સામેવાળાને "સ્કેલ કાઉન્ટીંગ"ના પોતાના અનુભવો અને જ્ઞાન અંગે જણાવીને સામેવાળા સહિત આજુબાજુના સાંભળનારાઓને પણ ઈમ્પ્રેસ કરી નાખે છે. તેમના ડાયલોગ સાંભળવાની બહુ મજા આવે. "યાર ગઈ કાલે જે મેં એક ધામણ પકડી, એનો મોર્ફ મને કંઈક વિચિત્ર લાગ્યો. બહુ વિચાર્યું પણ કંઈ સૂઝ્યું નહીં, પછી છે ને મેં એના સ્કેલ કાઉન્ટ કર્યા. પણ કાઉન્ટ તો બરોબર જ હતો!". તો સામેવાળો તરત વળતો પ્રહાર કરે "અરે મૂકને યાર. હમણાં એક કાળોતરો પકડાયોને, તો એના પેટનો રંગ મને થોડો પીળો દેખાયો. તો એ સીંધ ક્રેટ છે કે નહીં તે નક્કી કરવા મારે સ્કેલ કાઊન્ટ કરવા પડ્યા બોલ ! ત્રણ વાર મેં ગણતરી કરી પણ એ તો કોમન ક્રેટ જ હતો." આવા જ્ઞાની સ્નેક રેસ્ક્યુઅર્સની વાતોથી અંજાઈ ગયેલા નવા નિશાળિયા રેસ્ક્યુઅર્સને પણ સ્કેલ કાઉન્ટ કરવાનો કીડો સળવળે.

આ સ્કેલ કાઉન્ટીંગની વાતો કરતા કરતા બીજી એક મજાની વાત યાદ આવી. એક સિનિયર સ્નેક રેસ્ક્યુઅર જ્યારે પણ કોલમાં જાય ત્યારે ધામણ હોય તો તેને માથેથી બરોબર કચકચાવીને પકડે, કોબ્રા હોય તો એક પાણીની ડોલ મંગાવીને તેમાં ડૂબાડે! મને આશ્ચર્ય થયેલું. એમને આવા રેસ્ક્યુ કરતા જોવાનો લહાવો અને અભૂતપૂર્વ તકો મને પણ સાંપડેલી. પણ આ એમની ટેક્નિક મારા કોઈ તર્ક સાથે બંધ બેસતી નહોતી. મેં અજ્ઞાની બનીને એમને પૂછ્યું તો એમણે આવું કરવાના પોતાના આગવા વૈજ્ઞાનિક કારણો આપેલાં. એકવાર ધામણ ગળેથી કચકચાવીને પકડેલી અને મેં પૂછ્યું કે આ તો ધામણ છે, એને કેમ ગળેથી પકડી ? તો એ મહાનુભાવે કહ્યું "આ ફીમેલ નાગ છે અને એ પ્રેગ્નન્ટ છે". મારું આશ્ચર્ય ઔર વધ્યું, એટલે મેં જાહેરમાં જ પૂછ્યું "તારી વાઈફ પ્રેગ્નન્ટ હોય તો એને તમે તેને પણ આવી રીતે પકડો ?" રેસ્ક્યુના પૈસા પડાવવાના હોવાથી તેઓ ગલ્લાતલ્લાં કરીને ધીમેથી સરકી ગયાં.

એક નવાસવા 'રેસ્ક્યુઅર' મને મળ્યા ત્યારે મને અહોભાવપૂર્વક પૂછેલું કે "સર, તમે તો સ્કેલ કાઉન્ટિંગ જાણતા જ હશોને ?" મેં કહ્યું કે ના, તો તેઓ આઘાત પામી ગયેલા. તેમણે બીજો પ્રશ્ન પૂછ્યો કે "તો સર તમે રેસ્ક્યુ કર્યા બાદ 'મેલ' છે કે 'ફીમેલ' એ કેવી રીતે નક્કી કરો છો?" મેં કહ્યું કે "હું સાપને પકડીને સીધો છોડવા જ જાઉ છું, સાપોનું સેક્સીંગ નથી કરતો". "શું વાત કરો છો સાહેબ, તમારા જેવા અનુભવી સાપનું સેક્સીંગ ન કરે એ માનવામાં જ ન આવે." મેં એમને પૂછ્યું કે તમે સ્કેલ કાઉન્ટીંગ શા માટે કરો છો ? તો એમણે જણાવ્યું કે "સાપની પ્રજાતિ નક્કી કરવા માટે". મેં પેટા પ્રશ્ન પૂછ્યો કે "ગુજરાતમાં સર્પની એક જાતિમાં પેટા જાતિઓની સંખ્યા કેટલી?" તો તેઓ મૂંઝાયા, કારણ કે ગુજરાતમાં થોડા સર્પોની જ જાતિ એવી છે કે જેની એક કરતા વધારે પેટા જાતિ હોય. મેં એમને સમજાવ્યું કે જે વિસ્તારોમાં સર્પોની જાતિની ઓળખ તેમને જોઈને કરી શકાય નહીં ત્યારે તેમની પેટા પ્રજાતિઓ નક્કી કરવા માટે સ્કેલ કાઉન્ટ પદ્ધતિ કામ આવે.



**જાત સાથે વાત**
ધર્મેન્દ્ર ત્રિવેદી

સ્કેલ કાઉન્ટિંગ આપણે મન રમત છે પરંતુ સર્પને માટે તે અત્યંત દુઃખદાયી અને તણાવભરી પ્રક્રિયા છે. સાપને માથું દબાવી, તેના ભીંગડા ગણવાની આ પદ્ધતિ સર્પને અત્યંત તણાવભરી સ્થિતિમાં મૂકી શકે છે. વધુમાં સ્કેલ કાઉન્ટીંગ માત્ર અને માત્ર સંશોધન માટે જ કરવું જોઈએ, નહીં કે આપણે બીજાને સ્કેલ કાઉન્ટીંગ જાણીએ છીએ તેવું દેખાડવા. હવે પ્રશ્ન રહ્યો રેસ્ક્યુ કરેલા સર્પનું સેક્સિંગ. સેક્સિંગ એટલે તમે બચાવેલો સર્પ નર છે કે માદા એ નક્કી કરવા માટે સર્પના મળ-મૂત્ર અને પ્રજનનના છિદ્રમાં એક નાનો સળિયો નાંખીને કરવામાં આવતી તપાસ. સર્પ બચાવનાર જો કોઈ વૈજ્ઞાનિક સર્વેક્ષણ કે સંશોધન માટે તેણે પકડેલા સર્પોનું લિંગ પરીક્ષણ કરવું જરૂરી હોય તો કરવું જોઈએ, પરંતુ સર્પ બચાવ કરતી વ્યક્તિ માટે પોતે બચાવેલો સર્પ નર છે કે માદા એ જાણીને કોઈ તીર મારી લેવાનું હોતું નથી. આ મિત્રએ પણ દલીલ કરી કે "સાહેબ આપણા વિસ્તારના સર્પોનું સેક્સિંગ કરવાથી સંખ્યા નક્કી થાય કે આપના વિસ્તારમાં નર માદાની સંખ્યા કેટલી છે." અરે વાહ, મેં એમને પ્રતિપ્રશ્ન પૂછ્યો કે એ જાણીને પછી શું કરવાનું ? નર કે માદાની સંખ્યા ઓછી હશે તો શું તમે સર્પોમાં એ સંખ્યા વધારવાના જાગૃતિ કાર્યક્રમો કરવાના છો ?"

અંતે મને લાગ્યું કે સેક્સિંગ કરતી રેસ્ક્યુઅર્સની આ પ્રજાતિને સર્પોનું જાતિ પરીક્ષણ ન કરવા સમજાવવા માટે મારે મારો આગવો અને ઈનોવેટિવ ઉપચાર અપનાવવો જ પડશે. અંતિમ બ્રહ્માસ્ત્ર વાપરતાં મેં એમને કહેલું કે "માની લો કે આ પૃથ્વી પર તમારાથી હજારો ગણો મોટો અને તમારા કરતાં પણ વધુ બુદ્ધિશાળી કોઈ જીવ હોય અને તમે નર છો કે માદા એ જાણવા માટે તમારા ચોક્કસ છિદ્રમાં સળિયો નાખે તો તમને ગમશે ? શું તમને સ્ટ્રેસ અને અત્યાચાર થઈ રહ્યો છે એવું નહીં લાગે ?" ત્યાર બાદ આ જિજ્ઞાસુ મિત્રએ સર્પોનું સ્કેલ કાઉન્ટિંગ અને સેક્સિંગ કરવાનું બંધ કરી દીધું છે એવા ઉડતા સમાચાર છે !

**હેન્ડબ્રેક :**

"સરળતા એ સહજ છે, મિથ્યાભિમાન ધારણ કરવું પડે છે."

- ધ.ત્રિ.

- djtrivedi@gmail.com
Mo. 9978405967